| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭ / ૦૫ / ૨૦૧૮ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૭ / ૦૫ / ૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | ૨૦ / ૦૪/ ૨૦૨૪ | | |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | **૦૫** | **૧૧** | **૧૩** |

**મે. મહેસાણાના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ,**

**એટઃ–વિસનગર સમક્ષ**

**જજમેન્ટ તારીખઃ– ૨૦/૦૪/૨૦૨૪**

**<u>સેશન્સ કેસ નંબર–૪૯/૨૦૧૮.</u>**

**આંક–૯૭.**

**વડનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૨/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**

| | |
|---|---|
| **ફરિયાદી** | શ્રી સરકાર |
| **પ્રોસીક્યુશન તરફે** | **વિદ્ધાન એડિશ્નલ પબ્લીક પ્રોસીકયુટરશ્રી એ. એસ. મકવાણા.** |
| **આરોપીઓઃ–** | **૧. ઠાકોર રાજેશજી પ્રહલાદજી,**<br>ઉ.વ.આ.– ૧૮ વર્ષ, ૦૮ માસ,<br>રહે.– સુલતાનપુરા, હઠાપુરા,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૨. ઠાકોર કાન્તીજી સોમાજી,**<br>ઉ.વ.આ.– ૫૨, રહે.– સુલતાનપુરા, હઠાપુરા,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૩. ઠાકોર મહેશજી દશરથજી,**<br>ઉ.વ.આ.– ૨૫, રહે.– સુલતાનપુરા, મોટોવાસ,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૪. ઠાકોર અજીતજી દશરથજી,**<br>ઉ.વ.આ.– ૨૩, રહે.– સુલતાનપુરા, મોટોવાસ,<br>તા.– વડનગર, જી.– મહેસાણા. |

| | |
|---|---|
| | **૫. ઠાકોર પ્રવિણજી વેલાજી,**<br>ઉ.વ.આ.– ૩૫, રહે.– સુલતાનપુરા, હઠાપુરા,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૬. ઠાકોર જહાજી જીવણજી,**<br>ઉ.વ.આ.– ૪૨, રહે.– સુલતાનપુરા, હઠાપુરા,<br>તા.– વડનગર, જી.– મહેસાણા.<br><br>**૭. ઠાકોર બકાજી ભીખાજી,**<br>ઉ.વ.આ.– ૩૦, રહે.– સુલતાનપુરા, હઠાપુરા,<br>તા.– વડનગર, જી.– મહેસાણા. |
| **આરોપીઓ તરફે** | **વિદ્વાન વકીલશ્રી એમ. જી. ઠાકોર.** |

**ગુન્હાનો ચાર્જઃ–** ભારતીય દંડ સહિતાની કલમ–૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ...

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખઃ– | ૧૫–૧૨–૨૦૧૭ |
| એફ.આઇ.આર.ની તારીખઃ– | ૧૬–૧૨–૨૦૧૭ |
| ચાર્જશીટની નકલઃ– | ૨૭–૦૪–૨૦૧૮ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખઃ– | ૦૫–૧૨–૨૦૧૮ |
| પુરાવો લીધા તારીખઃ– | ૦૬–૦૭–૨૦૨૩ |
| જજમેન્ટ માટે મુક્યા તારીખઃ– | ૨૦–૦૩–૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ, જો હોય તોઃ– | ----- |

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રી.પો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **ઠાકોર રાજેશજી પ્રહલાદજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮, | **નિર્દોષ** | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ | | | |
| ૨. | **ઠાકોર રાજેશજી પ્રહલાદજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | " " " | નિર્દોષ | –– | –– |
| ૩. | **ઠાકોર મહેશજી દશરથજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | " " " | નિર્દોષ | –– | –– |
| ૪. | **ઠાકોર અજીતજી દશરથજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | " " " | નિર્દોષ | –– | –– |
| ૫. | **ઠાકોર પ્રવિણજી વેલાજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | " " " | નિર્દોષ | –– | –– |
| ૬. | **ઠાકોર બકાજી ભીખાજી,** | ૧૦–૦૩–૧૮ | ૧૦–૦૩–૧૮ | " " " | નિર્દોષ | –– | –– |

## ––// જ જ મે ન્ટ //––

(૧).. આ કામના આરોપીઓ વિરૂધ્ધ **વડનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૨/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબનો ગુનો નોંધાયેલ છે, જે ગુના સબબ આરોપીઓ જામીન મુક્ત છે.

(૨).. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ મોજે સુલતાનપુરા ગામની સીમમાં દીપડો આવેલ જે અંગેની વર્ધી આધારે આ કામના ફરિયાદી તથા સાહેદો મોજે સુલતાનપુરા ગામની સીમમાં ગયેલા જ્યાં વનવિભાગના કર્મચારીઓ પણ આવી ગયેલ હતા તેઓ દિપડાને પકડવાની કામગીરી કરી રહેલ હતા અને પાંજરૂ ગોઠવેલ હતું. તે વખતે ગાંધીનગરથી ફોરેસ્ટ ખાતાની ટીમ આવવાની હતી તેની તેઓ રાહ જોઇ રહેલ હતા તે વખતે આજુબાજુના

ગામના લોકોનું મોટું ટોળું ભેગું થયેલ હતું. દિપડાને પકડવાની કામગીરીમાં સમય જતાં ટોળું ઉશ્કેરાઇ ગયેલ અને હજી સુધી વાઘને કેમ પકડતા નથી તેમ કહી ટોળાએ હુમલો કરેલ અને આ વખતે આ કામના આરોપીઓ હાથમાં ધારીયું, ધોકા, દાતરડું અને પથ્થરો જેવા જીવલેણ હથિયારો હાથમાં ધારણ કરેલ હોઇ અને આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી તેઓને જીવલેણ ઇજાઓ પહોચાડી ગુનો કરેલ તે મતલબની ફરિયાદ વડનગર પોલીસ સ્ટેશને નોધાયેલ છે.

(૩).. સદરહુ ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આરોપીઓને અટક કરેલ, આરોપીઓ પાસેથી મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું કરેલ, ફરિયાદી તથા સાહેદોના કપડા કબજે કરેલ અને તે અંગેના પંચનામા કરેલ, ઈજા પામનારના મેડીકલ સર્ટીફિકેટ મેળવેલ તેમજ હથિયાર બંધી અંગેનું જાહેરનામું તપાસના કામે સામેલ રાખી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તપાસ પૂર્ણ થયા બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–**૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એકટની કલમ–૧૩૫** મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ વિદ્વાન એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડનગરની કોર્ટમાં રજૂ કરેલ. જ્યાં ક્રિમીનલ કેસ નંબર–૧૪૨/૨૦૧૮થી કેસ રજિસ્ટર્ડ થયેલ છે. સદરહું કેસ સેશન્સ ટ્રાયબલ હોઈ વિદ્વાન એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડનગરનાઓએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૯ મુજબ અત્રેની કોર્ટમાં કમીટ કરી મોકલી આપેલ.

(૪).. આરોપીઓને ધોરણસર પ્રોસેસની બજવણી થતા, પોતાના વિદ્વાન વકિલ સાથે મુદતે હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરેલ. વિદ્વાન એડિશ્નલ પબ્લીક પ્રોસીક્યુટરે ક્રિમિનલ પ્રોસેજર કોડની કલમ–૨૨૬ અન્વયે કેસ ઓપન કર્યા બાદ કેસ પેપર્સ વંચાણે લઇ **આંક–૦૯**થી આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–**૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા**

**જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આંક–૧૦થી આંક–૧૭ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે, જેથી ઈન્સાફિ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫).. ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, જશુજી પ્રહલાદજી ઠાકોરની જુબાની. | ૧૭ |
| ૨. | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ, પ્રહલાદજી બાબુજી ઠાકોરની જુબાની. | ૨૧ |
| ૩. | ગુનાવાળી જગ્યાના તથા મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, મનોરજી શંકરજી ઠાકોરની જુબાની. | ૨૨ |
| ૪. | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ, છનાજી અરજણજી ઠાકોરની જુબાની. | ૩૨ |
| ૫. | ગુનાવાળી જગ્યાના તથા મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ, રમેશજી કડવાજી ઠાકોરની જુબાની. | ૩૩ |
| ૬. | ડૉક્ટર, રવિ દિનેશભાઇ મકવાણાની જુબાની. | ૩૪ |
| ૭. | ફરિયાદી, સંજયકુમાર બચુભાઇ રાજગોરની જુબાની. | ૪૩ |
| ૮. | પો.કો., ભગુભાઇ કેશાભાઇ ચૌધરીની જુબાની. | ૪૬ |
| ૯. | હે. કો., નિરંજનકુમાર કાન્તીભાઇ પરમારની જુબાની. | ૪૯ |
| ૧૦. | એ.એસ.આઇ., મઘાભાઇ જેસંગભાઇ પરમારની જુબાની. | ૫૧ |
| ૧૧. | એ.એસ.આઇ., દલવીરસીંહ હરીસીંહ ચૌહાણની જુબાની. | ૫૩ |
| ૧૨. | પો. કો., પ્રવિણભાઇ ગોવિંદભાઇ ચૌધરીની જુબાની. | ૫૪ |
| ૧૩. | વનરક્ષક, પીયુકાન્ત ગજેન્દ્રભાઇ પટેલની જુબાની. | ૫૫ |

| | | |
|---|---|---|
| ૧૪. | એ.એસ.આઇ., ગોવિંદભાઇ ગણેશભાઇ પરમારની જુબાની. | ૬૦ |
| ૧૫. | પી.એસ.આઇ., સંજયકુમાર જગદીશગીરી ગોસ્વામીની જુબાની. | ૭૫ |
| ૧૬. | પી.આઇ., સુનીલભાઇ વિરસંગભાઇ ચૌધરીની જુબાની. | ૮૨ |

## // દસ્તાવેજી પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું. | ૧૮ |
| ૨. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૧ની પંચ સ્લીપ. | ૧૯ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૩ |
| ૪. | મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામું. | ૨૪ |
| ૫. | મુદ્દામાલ આર્ટીકલ નંબર–૦૨ થી ૦૮ની પંચસ્લીપો. | ૨૫ થી૩૧ |
| ૬. | આરોપીની શરીર સ્થીતીનું પંચનામું. | ૨૪ |
| ૭. | સંજયભાઇ રાજગોરનું મેડીકલ સર્ટીફિકેટ. | ૩૫ |
| ૮. | સંજયભાઇના ઓપીડી કેસ પેપર્સ પેજ–૦૧ તથા એક્સરે. | ૩૬ |
| ૯. | ભગુભાઇ ચૌધરીનું મેડીકલ સર્ટીફિકેટ. | ૩૭ |
| ૧૦. | ભગુભાઇના ઓપીડી કેસ પેપર્સ પેજ–૦૧ તથા એક્સરે. | ૩૮ |
| ૧૧. | નિરંજન પરમારનું મેડીકલ સર્ટીફિકેટ. | ૩૯ |
| ૧૨. | નિરંજનના ઓપીડી કેસ પેપર્સ પેજ–૦૧ તથા એક્સરે. | ૪૦ |
| ૧૩. | પિયુકાન્ત પટેલનું મેડીકલ સર્ટીફિકેટ. | ૪૧ |
| ૧૪. | પિયુકાન્તના ઓપીડી કેસ પેપર્સ પેજ–૦૧ તથા એક્સરે. | ૪૨ |
| ૧૫. | ફરિયાદ. | ૪૪ |
| ૧૬. | ડેપ્યુટ હુકમ. | ૬૧ |
| ૧૭. | વર્ધી રીપોર્ટ. | ૬૨ |
| ૧૮. | વાયરલેસ મેસેજ. | ૬૩ |
| ૧૯. | ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ. | ૬૪ |
| ૨૦. | આરોપીઓની અટક નોધ સ્ટેશન ડાયરીમાં કર્યાનો રીપોર્ટ. | ૭૬ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૨૧. | તપાસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પરીક્ષણ વન સૌરક્ષણ અધીકારીએ કરેલ રીપોર્ટ. | ૭૭ |

**<u>મટીરીયલ્સ ઓબ્જેક્ટસ</u>**

| ક્રમ | મટેરીયલ ઓબ્જેક્ટસ | વર્ણન |
|---|---|---|
| ૧. | શર્ટ | એક સફેદ કલરની ટી શર્ટ જેની ઉપર લોહીના ડાઘા પડેલ જણાય છે. |
| ૨. | ધોકો | એક લાકડાનો ગાંઠો વાળો ધોકો. |
| ૩. | ધોકો | એક લાકડાનો ધોકો. |
| ૪. | દાતરડું | એક લાકડાના હાથમાં ફીટ કરેલ દાતરડું. |
| ૫. | ધારીયું | એક ધારીયું. |
| ૬. | ધોકો | એક લાકડાનો ધોકો. |
| ૭. | ધોકો | એક લાકડાનો ગાંઠો વાળો ધોકો. |

(૬).. ફરીયાદપક્ષ તર્ફે પુરાવો બંધ કરવાની પુરસીસ આપવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીના વધારાના નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, " અમો નિર્દોષ છીએ. અમોને ખોટી રીતે આ ગુનામાં સંડોવી દીધેલા છે. આ સિવાય અમારે સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી.

**<u>દલીલઃ–</u>**

(૭).. ફરીયાદપક્ષે વિધ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી એ.એસ.મકવાણાની મુખ્યત્વે એવી રજુઆત છે કે, તારીખ–૧૫/૧૨/૨૦૧૭ ના રોજ બપોરના સમયે સુલતાનપુર ગામની સીમમાં દીપડો આવ્યો છે તેવી વર્ધી

આધારે ફરીયાદી અને સાહેદો એટલે કે પોલીસ અધિકારીઓ તથા વન વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે ગયેલા. તે વખતે આરોપીઓ ધારીયુ, ધોકા, દાતરડા, પથ્થરો જેવા હથીયાર ધારણ કરી ગેરકાયદેસર મંડળી બનાવી અને વાઘને કેમ પકડતા નથી? તેમ કહી ઉશ્કેરાઈ જઈ છુટો પથ્થરમારો કરી સાહેદોને જીવલેણ ઈજા કરેલ છે. આ બનાવમાં સાહેદ નિરંજન કાન્તીભાઈનાઓને તથા ભગુભાઈ કેશાભાઈને તથા બીજા અન્ય સાહેદોને નાની મોટી ઈજાઓ થયેલ છે. ફરીયાદપક્ષે પોતાનો કેસમ સાબિત કરવા માટે તપાસેલા સાક્ષીઓ પૈકી **આંક–૪૬થી ભગુભાઈ કેશાભાઈને** તપાસેલા છે તેઓ આરોપીને ઓળખી બતાવે છે. આ બનાવમાં તેઓ ઈજા પામનાર છે. વધુમાં **આંક–૪૯થી સાહેદ નિરંજનભાઈ કાંતીભાઈને** તપાસેલા છે. તેમની જુબાનીથી તથા **આંક–પ૧થી તપાસવામાં આવેલા સાહેદ મઘાભાઈ જેસંગભાઈ** ની જુબાનીથી ફરીયાદપક્ષનો કેસને સમર્થન પ્રાપ્ત થયેલ છે. વધુમાં **આંક–૪૩થી સંજયભાઈ બચુભાઈ રાજગોરને** તપાસેલા છે કે જેઓ બનાવ સમયે ઉનાવા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ તેમની જુબાનીમાં આરોપી રાજેશજી તથા કાંતીજીનાઓ લાકડી, ધોકા, દાતરડા જેવા હથીયાર લઈને હુમલો કરેલો વિગેરે મતલબની હકીકત જણાવે છે. તેઓ અદાલત રૂબરૂ આરોપી કાંતીજીને ઓળખી બતાવે છે.

**(૭.૧)..** વધુમાં વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રીની રજુઆત છે કે, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ **પ્રવિણભાઈ ગોવિંદભાઈની** જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસને પુરતુ સમર્થન મળે છે અને આરોપીઓ બનાવ સમયે હથીયારો સાથે ગેરકાયદેસર મંડળી રચી હુમલો કરવા માટે આવલા અને સાહેદોને ઈજા પહોચાડેલી તે હકીકત સાબિત થાય છે. વધુમાં આ સાહેદ પણ આરોપી રાજુજી, મહેશજી, કાંતીજી, પ્રવિણજી અને બકાજી ઠાકોરને ઓળખી બતાવે છે.

**(૭.૩)..** વધુમાં ફરીયાદપક્ષે **આંક–પપથી વનરક્ષક પીયુકાન્ત ગજેન્દ્રભાઈ પટેલ**ને તપાસેલા છે. તેમણે પણ સમગ્ર બનાવને પોતાની જુબાનીમાં વિગતવાર

વર્ણવેલ છે. આમ, ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીથી બનાવ બન્યો તે હકીકત સાબિત થાય છે. વધુમાં ફરીયાદપક્ષે **આંક–૩૪થી ડોકટર રવિ દીનેશભાઈ મકવાણાને** તપાસેલા છે. તેમની જુબાની જોતા સાહેદ સંજય રાજગોરને તેમણે તપાસેલા છે અને જેમણે કપાળ તથા ખભાના ભાગે ઈજાઓ માલુમ પડેલી છે. તે જ દિવસે સાહેદ ભગુભાઈ કેશાભાઈને પણ તપાસવામાં આવેલા છે. જેમના ડાબા હાથના કાંડા ઉપર ઈજા માલુમ પડેલ છે. તે જ દિવસે ઈજા પામનાર નિરંજનભાઈ કાંતીભાઈને તપાસવામાં આવેલા છે. જેમણે જમણા હાથ અને માથાના ભાગે ઈજાઓ થયેલી તે હકીકત ડોકટરે વિગતવાર વર્ણવેલ છે. તે જ દિવસે સાહેદ પીયુકાન્ત પટેલને પણ ડોકટરશ્રી રવિ દીનેશભાઈએ તપાસેલા છે અને ડોકટરશ્રીની જુબાની જોતા પીયુકાન્ત પટેલને કમરના ભાગે દુખાવાની ફરીયાદ હતી તેવુ જણાઈ આવે છે. આમ, આ બનાવમાં સાહેદો ઈજાગ્રસ્ત થયેલા અને આ તમામ સાહેદો પોલીસ કર્મચારીઓ છે અને તેઓ તેમની સરકારી ફરજ બજાવતા હતા તે વખતે આરોપીઓએ એકસંપ થઈ ફરજમાં રૂકાવટ કરી પોલીસ પર હુમલો કરેલ છે. આમ, આ તમામ પુરાવાથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ હોઈ આરોપીઓએ દોષીત ઠરાવવા રજુઆત કરેલ છે.

(૮).. બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી એમ.જી.ઠાકોરને સાંભળ્યા. તેઓએ લંબાણપુર્વક દલીલો કરેલ છે તેનો ટુંકસાર જોઈએ તો, તેઓની રજુઆત છે કે, ફરીયાદપક્ષે તપાસેલા કોઈપણ સાહેદની જુબાનીની એ હકીકત સ્પષ્ટ થતી નથી કે આરોપીઓને બનાવ અગાઉ કોઈપણ સાક્ષી નામજોગ ઓળખતા હોય. આરોપીઓના નામ કોણે આપેલા? તે વિગત પણ સાબિત થતી નથી. તમામ સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો કોઈપણ સાહેદની જુબાનીમાં આરોપીઓની યોગ્ય રીતે ઓળખ પ્રસ્થાપિત થતી નથી. તપાસ દરમ્યાન આરોપીઓની કોઈ ઓળખ પરેડ હાથ ધરવામાં આવેલ નથી. વળી, કોર્ટ રૂબરૂની ઓળખ પરેડમાં પણ કયા આધારે આરોપીઓને ઓળખેલ છે તેવી કોઈ સ્પષ્ટતા સાહેદોએ કરેલ નથી. નામદાર સુપ્રીમ કોર્ટે અમરીકસીંઘ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૨૦૨૨, લાઈવ લો(સુપ્રીમ કોર્ટ) પેજ–૫૮૨, ક્રિમીનલ અપીલ નંબર–૯૯૨/૨૦૧૨ ના કેસમાં આપેલ

તારીખ–૧૧/૦૭/૨૦૨૨ નો ચુકાદો ધ્યાનમાં લેતા વર્તમાન કેસમાં અદાલત રૂબરૂ કરવામાં આવેલી ઓળખ માનવાપાત્ર રહેતી નથી. વધુમાં તેઓની રજુઆત છે કે, આરોપીઓ પાસે બનાવ સમયે ધારીયુ, ધોકા, દાતરડા જેવા ઘાતક હથીયારો હતા તેવી ફરીયાદ પક્ષની રજુઆત છે, પરંતુ ઈજા પામનાર કોઈપણ સાહેદને ધારીયા, દાતરડા કે ધોકાથી ઈજા પહોચી હોય તેવુ સાબિત થતુ નથી. તમામ ઈજા પામનારની ઈજાઓ સાવ સામાન્ય પ્રકારી અને સાદી ઈજાઓ છે. કોઈપણ સાહેદને અસ્થિભંગની ઈજા થયેલ નથી. સાહેદોની ઈજા એવા કોઈ વાઈટલ પાર્ટ ઉપર અને ગંભીર પ્રકારની હોય તેવો પણ કેસ નથી. આમ, ટોળાના માણસોએ એટેમ્પ ટુ મર્ડરના ઈરાદા સાથે હુમલો કર્યો હોય તેવુ સાબિત થતુ નથી. જે વ્યકિતઓને અદાલત રૂબરૂ સાહેદ ઓળખી બતાવે છે, બનાવ સમયે તેમની કોઈ ભુમિકા તેઓ વર્ણવતા નથી. વળી, બનાવ સમયે, બનાવ સ્થળે દીપડો આવેલ હોય કુતુહલવશ લોકોનુ ટોળુ ત્યાં ભેગુ થયેલ હતુ. આમ, ગુનાહીત ગેરકાયદેસર મંડળી રચીને આરોપીઓ એકઠા થયા હોય તે પણ સાબિત થતુ નથી. પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ સંજોગોમાં આરોપીઓ સામેનો કેસ વ્યાજબી શંકારહિત સાબિત થયેલ ન હોય, આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે ભાભલુ નાજભાઈ ધાધલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૨૧(૦) એઆઈજેઈએલ–એચસી–૨૪૨૮૩૬ માં ઠરાવ્યા મુજબ જયારે પોલીસ ફરીયાદ મુજબ ત્યાં મોટી સંખ્યામાં લોકોનુ ટોળુ હતુ તો માત્ર સાત જ આરોપીને કેમ પકડવામાં આવેલા અને બાકીના સામે કેમ કાર્યવાહી કરવામાં આવેલી નહી તેની કોઈ સ્પષ્ટતા થયેલ ન હોઈ ઉપરોકત ચુકાદા મુજબ આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર થાય છે. આમ, આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છેકે આ કીસ્સામાં ભારતીય દંડ સંહીતાની કલમ–૧૮૬ મુજબનું પણ ચાર્જશીટ દાખલ કરેલ છે જે ગુનાનુ કોગ્નીઝન્સ લેખિત ફરીયાદ સિવાય અદાલત લઈ શકે નહી. જેથી આરોપીઓ સામેના આખા કેસને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ નો બાધ નડે છે. જેથી પણ

આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. તેમણે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧). 2021(0)AIJEL–HC–242836 Gujrat High Court Bhabhlu Naajbhai Dhadhal V/s. State of Gujrat. Criminal Appeal No.–609/2016, Criminal Misceaaneous Application No.–01/2021, Criminal Appeal No.–739/2016, Da. 21–03–2021.

૨). 2022 LiveLaw (SC) 582(Supreme Court) Amrik Singh V/s. The State of Punjab. Criminal Appeal No.–993/2012.

Subhash Chander V/s. The State of Punjab. Criminal Appeal No.–992/2012.

(૯).. આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુ દ્દાઓ //**

(૧).. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, તા. ૧૫–૧૨–૨૦૧૭ના રોજ મોજે સુલતાનપુર ગામની સીમમાં બપોરે ૧૪–૧૫ વાગે આ કામના આરોપીઓએ ગેરકાયદેસર ગુનાહિત મંડળી રચી, એકસંપ થઇ, કાવતરૂ રચી, ફરિયાદી તથા સાહેદો ઉપર હુમલો કરી તેઓને જીવલેણ ઈજાઓ પહોચાડી તથા તેઓની સરકારી કામગીરીમાં રૂકાવટ ઉભી કરી, મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાનાઓના હથિયાર બંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨).. શું હુકમ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). મુદ્દા નંબર –૦૧ નકારમાં.

(૨). મુદ્દા નંબર –૦૨ આખરી હુકમ મુજબ.

**(૧૧)..** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**// કા ર ણો //**

**મુદ્દા નંબર–૦૧ થી ૦૨–**

**પંચ સાહેદોની જુબાનીઃ–**

**(૧૨)..** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે ફરીયાદીના કપડા કબજે કર્યાનુ તથા ફરીયાદીની શરીરસ્થિતિનું પંચનામુ સાબિત કરવા માટે **આંક–૧૭થી પંચ સાહેદ જશુજી પ્રહલાદજી ઠાકોર(પી.ડબલ્યુ નંબર–૦૧)ને** તપાસેલા છે તથા **આંક–૨૧થી બીજા પંચ પ્રહલાદજી બાબુજી(પી.ડબલ્યુ નંબર–૦૨)ને** તપાસેલા છે. પરંતુ આ બંને પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહીને ઓળખી બતાવેલ છે તે સિવાય ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરેલ છે.

**(૧૩)..** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે **આંક–૨૨થી પંચ સાહેદ મનોરજી શંકરજી(પી.ડબલ્યુ નંબર–૦૩)ને** તપાસેલા છે અને **આંક–૩૨થી બીજા પંચ સાહેદ છનાજી અરજણજી (પી.ડબલ્યુ નંબર–૦૪)ને** તપાસેલા છે તથા **આંક–૩૩થી પંચ સાહેદ રમેશજી કડવાજી ઠાકોર (પી.ડબલ્યુ નંબર–૦૫)ને** તપાસેલા છે. આ ત્રણેય પંચસાહેદોએ પંચનામામાં પોતાની સહીને ઓળખી બતાવેલ છે તે સિવાય ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરેલ છે. આમ, ઉપરોકત પંચ સાહેદોની જુબાનીથી આંક–૨૩ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કે આંક–૨૪ વાળુ આરોપીઓને અટક કર્યા અંગેનુ અને તેમની પાસેથી ગુનામાં

વપરાયેલા હથીયારો કબજે કર્યા અંગેનું પંચનામુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

**મેડીકલ એવિડન્સઃ–**

(૧૪).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૩૪થી ડૉક્ટર, રવિ દિનેશભાઇ મકવાણા(પી. ડબલ્યુ નંબર–૦૬)ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ વડનગર જનરલ હોસ્પીટલમાં ફરજ પર હતા ત્યારે તેમને કલાક–૦૩:૩૫ વાગે ઈજા પામનાર દર્દી સંજય રાજગોરને બહારના દર્દી તરીકે તપાસેલા છે. જેમણે હીસ્ટ્રીમાં જણાવેલ છે કે સુલતાનપુર ગામે દીપડો આવેલ હોવાથી બંદોબસ્તમાં જતા લોકોના ટોળાએ લાકડી વડે માર મારેલ છે. ઈજા પામનાર સંજય રાજગોરને કપાળના ભાગે સોજો અને દુખાવો હતો તથા જમણા ખભા ઉપર ૦૫ × ૦૩ સેમી. નું લાલ રંગનું ચકામુ હતુ અને દુખાવાની ફરીયાદ હતી આ ઈજા તાજી હતી અને લાકડી વડે થઈ શકે તેવી હતી. વધુમાં તે જ દિવસે તેમણે ઈજા પામનાર ભગુભાઈ કેશાભાઈ ચૌધરીને તપાસેલા છે. તેમણે પણ ઉપર મુજબની ઈજાની હીસ્ટ્રી આપેલ છે. ભગુભાઈ કેશાભાઈને તપાસતા તેમના ડાબા હાથના કાંડા ઉપર દુખાવો અને સોજો હતો. એક્ષ–રે લેતા કોઈ અસ્થિભંગ જણાયેલ નથી. ઈજા તાજી અને બોથડ પદાર્થથી જઈ શકે તેવી હતી. વધુમાં તે જ દિવસે ત્યારબાદ ઈજા પામનાર દર્દી નિરંજનભાઈ કાંતીભાઈ પરમારને તપાસેલા છે કે જેમણે જમણા હાથના ભાગે સોજો અને દુખાવાની ફરીયાદ હતી. માથામાં વચ્ચે ૦૩×૦૨ સેમી.ની. છોલાયેલી ઈજા હતી. વધુમાં તે જ દિવસે ત્યારબાદ દર્દી નામે પીયુકાન્ત પટેલને તપાસવામાં આવેલા છે. જેમણે કમરના ભાગે દુખાવાની ફરીયાદ હતી અને એક્ષ–રે લેતા કોઈ અસ્થિભંગ ન હતો.

(૧૪.૧).. બચાવપક્ષે વિધ્વાન વકીલશ્રી ધ્વારા આ સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલી છે. જેમાં ઈજા પામનારાઓની ઈજા સામાન્ય પ્રકારની હતી અને પથ્થરમારામાં આ પ્રકારની ઈજા થઈ શકે તેવી હતી.

**(૧૪.૨)..** આમ, ડોકટરશ્રી રવિભાઈ દીનેશભાઈ મકવાણાની જુબાનીનું મુલ્યાંકન કરતા ઉપરોકત સાહેદોને સખ્ત અને બોથડ પદાર્થની ઈજાઓ થયેલ હતી અને તમામ ઈજાઓ સાદી તેમજ તાજી હતી અને સુલતાનપુર મુકામે આ ઈજા પામનારાઓ બંદોબસ્તમાં ગયેલા ત્યાં લોકોના ટોળાએ હુમલો કરતા આ ઈજાઓ થયેલ હતી તેવુ સાબિત થાય છે.આમ, મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રીમાં ઈજા પામનારાઓએ તેઓને ઈજા પહોચાડનાર કોઈ ઈસમોના નામ કે વર્ણન કે વિગત જણાવેલ નથી. વળી, ઈજા પામનારાઓની ઈજાઓ પૈકી કોઈ ઈજા પ્રાણઘાતક ઈજા ન હતી.

**<u>ફરિયાદીનો પુરાવોઃ</u>–**

**(૧૫)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૩થી ફરિયાદી, સંજયકુમાર બચુભાઇ રાજગોર(પી.ડબલ્યુ નંબર–૦૭)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ ઉનાવા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ તરીકે છેલ્લા આઠ માસથી ફરજ બજાવે છે, બનાવ વખતે તેઓ વડનગર ખાતે ફરજ બજાવતા હતા, તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ તેઓ પો.સ્ટે હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓની વર્ધી આવેલ જેનો નંબર–૧૭૨/૧૭ નંબર પડેલ કે ઠાકોર જયંતિજી દિવાનજીનાઓએ ટેલીફોનીક જાણ કરેલ કે સુલતાનપુર સીમમાં વાઘ આવેલ છે તો તાત્કાલીક પોલીસ મોકલી આપો. તેઓ તથા દલવીરસિંહ, મઘાભાઇ, ભગાભાઇ તથા નિરંજનકુમારનાઓ સાથે સેકન્ડ સરકારી ગાડીમાં રવાના થયેલા.

**(૧૫.૧)..** વઘુમાં ફરિયાદી સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, ત્યાં ગયા બાદ ગામના લોકો વાઘ જોવા માટે ટોળામાં ભેગા થઇ ગયેલ તથા ત્યાં વનવિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ પણ આવેલા જેઓ વાઘ પકડવા માટે પ્રયત્નો કરી રહેલા હતા તે દરમ્યાન ગાંધીનગરની ટીમ પણ વાઘ પકડવા આવવાની હતી જે રસ્તામાં હતી તે દરમ્યાન વનઅધિકારીઓએ તેમને સુચના કરેલ કે પબ્લીકને દુર રાખો જેથી દિપડો હાની ના પહોચાડે તે દરમ્યાન તેઓ તથા સ્ટાફના માણસોએ

જગ્યા કોર્ડન કરી પબ્લીકને દુર રાખવા જણાવેલ. તે દરમ્યાન અચાનક આરોપીઓ રાજેશજી, કાન્તીજી વિગેરે તેમની ઉપર લાકડી ધોકા અને દાતરડુ જેવા હથિયારો લઇ હુમલો કરેલ અને ચીચીયારીઓ પાડેલી અને પથ્થરો મારેલા. જે દરમ્યાન તેમને માથાના ભાગે ધોકો વાગેલ જેમાં ધોકો કોની પાસે હતો તે યાદ નથી. તે દરમ્યાન સ્ટાફના માણસોને પણ વાગેલુ જેમા પો.કો.ભગુભાઇ અને નિરંજનકુમારના હાથના ભાગે ઇજાઓ થયેલી. તેમને માથામાં વાગવાથી લોહી નીકળેલ અને ચક્કર આવેલ અને આ લોહી તેમના શર્ટ ઉપર પડેલુ. ત્યારબાદ તેમને વડનગર હોસ્પીટલે લઇ ગયેલ અને ત્યાં તેમની પ્રાથમિક સારવાર કરેલી. આરોપીઓએ તેમને તથા તેમના ખાતાના માણસોને એવુ બોલેલ કે તમોને જાનથી મારી નાખીશુ અને તમને પતાવી દઇશુ તમે કેમ દીપડો પકડતા નથી. તેઓ તેમની ફરજ બજાવતા હતા પરંતુ આરોપીઓએ તેમની ફરજમાં અડચણ ઉભી કરેલી અને આરોપીઓએ તેમના ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની કોશિષ કરેલ છે. બનાવ બપોરના સવા બે વાગે સુલતાનપુર અને રાજપુરની સીમ વચ્ચે બનેલો. બનાવની ફરીયાદ તેમણે એસ.વી.ચૌધરી પી.એસ.આઇની રૂબરૂની આપેલી. જે આ કામે આંક–૪૪થી રજુ કરેલ છે.

**(૧૫.૨)..** વધુમાં ફરિયાદી સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમણે સારવાર સીવીલ હોસ્પીટલ વડનગરમાં કરાવેલી તે વખતે તેમણે ડૉકટર રૂબરૂ બનાવની હકીકત જણાવેલ. આરોપીઓને તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ તેમણે મુદ્દામાલ કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૫.૩)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા ફરિયાદી સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ અગાઉ આરોપીઓને કયારેય તેમણે વ્યકિતગત મળવાનું થયેલ નથી. સર તપાસમાં આરોપીઓના નામ લખાવેલા તેમના પિતાના નામની તેઓને ખબર નથી. આરોપીઓના નામ તેમણે સુલતાનપુર

બીટમાં નોકરી કરતા જમાદાર પાસેથી જાણેલા છે અને તે આધારે ફરીયાદમાં નામ તેમણે લખાવેલા છે. વધુમાં તેઓ ઉલટ તપાસમાં તેઓ એવુ પણ સ્વીકારે છે કે બનાવ સમયે બસ્સો થી ત્રણસો માણસોનું ટોળુ હતુ જેમાથી તેઓ કોઈને પણ ઓળખતા ન હતા. લોકલ બીટના જમાદાર પાસેથી તેમણે આરોપીઓના નામ જાણેલા છે. તેઓની ઉલટ તપાસમાં બીજી પણ કેટલીક વિગતો રેકર્ડ પર આવેલી છે પરંતુ તેની જરુર જણાયે ચર્ચા કરીશું.

**<u>પોલીસ સાહેદનો પુરાવોઃ</u>–**

(૧૬).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૬થી પો.કો., ભગુભાઇ કેશાભાઇ ચૌધરી(પી.ડબલ્યુ નંબર–૦૮)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં બનાવ તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ બનેલ તે દિવસે તેઓ વડનગર પોલીસ સ્ટેશનમાં પો.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે સુલતાનપુર ગામમાંથી ઠાકોર જયંતિજી દિવાનજીનાઓએ ટેલીફોનથી વર્ધી લખાવેલ કે તેમની જવાનપુરા સીમમાં વાઘ આવેલ છે અને ત્યાં લોકોના ટોળા ભેગા થયેલા છે જે ટેલીફોન વર્ધી પી.એસ.ઓએ ટેલીફોન આવક વર્ધી નંબર–૧૭૨/૧૭ થી કલાક ૯–૪૫ વાગે નોધ કરેલ. આ નોધ કર્યા બાદ હે.કો.દલવીરસિંહ હરિસીંહનાઓને વર્ધી આપેલ અને તેઓ તથા દલવિરસિંહ તથા હે.કો.નિરંજનકુમાર કાન્તીલાલ એ રીતેના વડનગર સેકન્ડ મોબાઇલમાં એસ.બી.રાજગોર પો.સ.ઇ તથા એ.એસ.આઇ મઘાભાઇ જેસંગભાઇ તથા પો.કો. પ્રવિણભાઇ ગોવિંદભાઈ એ રીતેના પોલીસ સ્ટેશનની મોબાઇલ વાનમાં સુલતાનપુર ગામની સીમમાં જવા રવાના થયેલા અને સુલતાનપુર ગામે જવાનપુરા ગામની સીમમાં જતાં ખેતરમાં સુલતાનપુર ગામના ઘણા માણસો ટોળા વળેલ હતા. તેઓ તથા સાહેબે વાઘ જોવા આવેલ ટોળાના માણસોને સાઇડમાં કરેલા ત્યાં ફોરેસ્ટ ખાતાની ટીમ હતી તેઓ વાઘ પકડવાનુ પીંજરૂ સાથે લાવેલ હતા અને ગાંધીનગરથી ફોરેસ્ટ ખાતાની ટીમ આવવાની હોય તેની રાહ જોતાં હતા.

(૧૬.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તે દરમ્યાન

ટોળામાંથી અવાજ આવતો હતો કે વાઘ ને કેમ હજુ પકડતા નથી અને ત્યારબાદ આ ટોળાના માણસોએ પોલીસના માણસો ઉપર અને ફોરેસ્ટ ખાતાના માણસો ઉપર છુટા પથ્થરો મારેલ અને હુમલો કરેલ. આ ટોળામાં કાન્તીજી સોમાજી, મહેશજી દશરથજી, બકાજી ભીખુજી, રજુજી ઠાકોર તથા જહાજી જીવણજી , અજીતજી ઠાકોર તથા અન્ય ઇસમો પાસે ધોકા, પથ્થરો, દાતરડા જેવા તથા ધારીયા જેવા હથિયારો હતા. તેઓએ રાજગોર સાહેબ તથા તેમની ઉપર હુમલો કરેલ અને તેઓ બોલતા હતા કે મારી નાખો. રાજગોર સાહેબને માથાના જમણા ભાગે લાકડી વાગેલી અને જમણા હાથની કલાઇ ઉપર ધોકા જેવુ વાગેલ તથા તેમને માથાના ભાગે અને જમણા કાંડાના ભાગે લાકડીથી વાગેલ. બીજા કોન્સટેબલ નિરંજન ભાઇને માથાના ભાગે તથા જમણા હાથે ઇજાઓ થયેલ હતી. બનાવમાં રાજગોર સાહેબ, નિરંજનભાઇ અને તેમને વાગવાથી લોહી નીકળેલ. આ વાગવાથી તેઓ નીચે પડી ગયેલા તે વખતે ટોળામાંથી અવાજ આવતો હતો કે આમને મારી નાખો ત્યારબાદ ધોકા વડે મારવા લાગેલા. ત્યારબાદ નજીકમાંથી પોલીસના બીજા સ્ટાફના માણસો આવીને બચાવેલા અને આ લોકો ત્યાંથી ભાગી ગયેલા. આ બનાવની ફરીયાદ પો.સ.ઇ રાજગોર સાહેબે આપેલી.

**(૧૬.૨)..** વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેમને પણ દવાખાને લઇ ગયેલા. તેમણે બનાવની હકીકત ડૉકટર રૂબરૂ જણાવેલી. પોલીસે તેમનું નિવેદન લીધેલ. બનાવ વખતે હુમલો કરનારને તેઓ ઓળખે છે. આરોપીઓને તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ હથિયાર પણ તેમણે કૉર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

**(૧૬.૩)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ઘટના સ્થળે પહોચ્યા ત્યારે ત્યાં બસ્સો થી અઢીસો માણસોનુ ટોળુ હતુ. તેમણે એટલે કે સાહેદે સુલતાનપુર બીટમાં કામ કરેલ

નથી. સુલતાનપુર ગામના કોઈ વ્યકિતને મળવાનું થયેલ નથી કે સુલતાનપુર ગામના કોઈ ઠાકોર સાથે તેમને પરીચય નથી. તેમણે ચૌધરી સાહેબ ધ્વારા આપવામાં આવેલી ફરીયાદ વાંચેલી અને ફરીયાદ આધારે તેમણે પોતાના નિવેદનમાં આરોપીઓના નામ આપેલા. વડનગર હોસ્પીટલમાં તેમણે સારવાર લીધી તે વખતે તેમણે આરોપીઓના નામની ખબર ન હોઈ ડોકટર સાહેબ સમક્ષ આરોપીઓના નામ જણાવેલા નહી.

(૧૭).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૪૯થી હે.કો., નિરંજનકુમાર કાન્તીભાઈ પરમાર(પી.ડબલ્યુ નંબર–૦૯)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં બનાવ તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ બનેલ અને તે વખતે તેમની નોકરી વડનગર પો.સ્ટેશનમાં હે. કોન્સમા હતી તે સમય દરમ્યાન સુલતાનપુર ગામેથી જયંતીજી દિવાનજીએ પોલીસ સ્ટેશનમાં ટેલીફોનથી વર્ધી નોંધાવેલ. પી.એસ.ઓએ બીટ જમાદાર દલવીરસિંહ હરીસિંહનાઓને સોંપેલી અને તેઓની સાથે તેઓ સરકારી વાહનમાં પી.એસ.આઈ એસ.બી.રાજગારે સાહેબ હતા થાના અધિકારીશ્રી એસ.વી.ચૌધરી તથા પો.કો.ભગુભાઈ કેશાભાઈ તથા એ.એસ.આઈ મઘાભાઈ જેસંગભાઈ તથા પો.કો. પ્રવિણભાઈ ગોવિંદભાઈનાઓ સાથે મોબાઈલ વાન માં સુલતાનપુર ગામની સીમ માં ગયેલા. ત્યારે ત્યાં માણસોના ટોળાં વાઘને જોવા સારૂ આવેલા. જંગલખાતાના અધિકારીઓ વાઘને પકડવા સારૂ પીંજરું લઈને આવેલા અને ત્યાં માણસો વાઘના નજીક આવતા હોઈ તેથી પોલીસના માણસો કોઈ વાઘની નજીક નહીં આવવા સારૂ જણાવેલ. ટોળાંના માણસો કહેવા લાગેલ કે હજુ સુધી કેમ વાઘને પકડેલ નથી અને તેમની ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને એકસંપ થઈ ને આવેલા.

(૧૭.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, જે ટોળાંમાં મહેશજી દશરથજી, અજીતજી દશરથજી,કાન્તિજી સોમાજી બીજ પચાસેક માણસોનું ટોળું હતું જેમના હાથમાં ધારીયા, ધોકા, દાતરડું,પથ્થરો વિગેરે હતું.તે પછી તેઓ કહેવા લાગેલ કે તમે કેમ હજી સુધી વાઘને પકડેલ નથી તેમ કહી કોન્સટેબલ ભગુભાઈ

કેશાભાઈને ધોકાથી માથાના ભાગે તથા જમણા હાથની કલાઈ ઉપર માર મારેલો તેમજ પથ્થરો મારેલા. તેમજ સાથીના પી.એસ.આઈ રાજગોર સાહેબને માથાના ભાગે ધોકો મારેલ હોઈ જેથી તેમને માથાના ભાગેથી લોહી નીકળેલ હતું તેઓ છોડાવા જતાં તેમને પણ માથાના ભાગે તથા જમણા હાથના કાંડાના ભાગે ધોકાથી માર મારેલ અને આ ટોળાંમાંથી આવી રીતે આવા હથિયારોથી તેમને માર મારેલો. વડનગર સીવીલ હોસ્પિટલમાં તેમની સાથેના પી.એસ.આઈ શ્રી રાજગોર સાહેબ તથા ભગુભાઈ તથા તેમને સારવાર સારૂ લઈ ગયેલા અને આ બનાવની ફરીયાદ પી.એસ.આઈ શ્રી રાજગોર સાહેબે આપેલી પોલીસે તેમનો જવાબ લીધેલો આરોપીઓ પાસેના હથિયાર તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.

(૧૭.૨).. બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે બે આરોપીઓના નામ જણાવેલા તે આરોપીઓને બનાવ અગાઉ મે જોયેલ નથી કે હુ તેમને ઓળખતો નથી. એ વાત ખરી છે કે મેં તપાસ કરનાર અમલદારને કોઈ આરોપીના નામ જણાવેલા નથી.

(૧૮).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૧થી એ.એસ.આઈ., મઘાભાઇ જેસંગભાઇ પરમાર(પી.ડબલ્યુ નંબર–૧૦)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ તેઓ તથા અ.હે.કો દલવીરસિંહ હરીસિંહ,અ. હે.કો.નિરંજનકુમાર કાન્તિલાલ વિગેર પો.સ્ટેશન બેઠેલા હતા તે દરમિયાન પી.એસ.ઓ વર્ધી આપેલ કે સુલતાનપુર ગામની સીમમાં વાઘ આવેલ છે. તેવી વર્ધી આપતાં સીપોર ઓ.પી જમાદાર દલવીરસિંહ હરીસિંહનાઓની સાથે ત્રણેય જણા વડનગર સેકન્ડ મોબાઈલ વાનમાં સુલતાનપુર ગામે જવાર રવાના થયેલ. બીજી મોબાઈલમાં પી.એસ.આઈ એસ.વી.ચૌધરી સાહેબ પો.સ.ઈ.એસ. પી. રાજગોર સાહેબ તથા પ્રવિણભાઈ ગોવિંદભાઈ તથા અ.પો.કો પ્રભુભાઈ જોઈતાભાઈ વિગેરેનાઓ સુલતાનપુર ગામની સીમમાં બાજુના ખેતરોમાં ઘણા માણસો વાઘ જોવા આવેલા હતા. જેથી તે દરમિયાન જંગલ ખાતાના માણસો પણ વાઘ પકડવા

માટે પાંજરું મુકેલ હતું અને બીજી ટીમ વન વિભાગની ગાંધીનગરથી આવવા રવાના થયેલ હોય અને ઘણો સમય થતાં માણસોના ટોળાં વધુ થતાં તેઓ દુર કરવા માટે સમજાવતા હતા તે દરમિયાન ટોળું એકદમ ઉશ્કેરાઈ જઈ અને કહેવા લાગેલ કે હજુ સુધી કેમ વાઘ પકડતા નથી. જેથી સાથીના પો.સ.ઈએ સમજાવેલ કે વન વિભાગની ટીમ ગાંધીનગરથી આવવા રવાના થયેલ છે તેવું સમજાવતા ટોળું એક દમ એકદમ ઉશ્કેરાઈ જઈ પથ્થરમારો તથા લાકડીઓ, ધોકાઓ વડે, ધારીયા વડે પો.સ.ઈ શ્રી એસ.પી રાજગોર સાહેબ ઉપર મારવા તુટી પડેલા.

**(૧૮.૧)..** વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તે દરમિયાન તેઓ તથા અ.પો.નિરંજકુમાર કાન્તિભાઈનાઓ વચ્ચે છોડાવવા પડતાં તેઓને પણ હાથ ઉપર, પગ ઉપર મારેલા. સાથીના પો.કો. ભગુભાઈ કેશાભાઈને પણ પગ ઉપર મારેલા અને પો.સ.ઈ શ્રી એસ.પી રાજગોર સાહેબ નીચે પડી જતાં તેમણે લોકોને સમજાવી દુર કરી પો.સ.ઈ શ્રી તથા સાથેના અ.પો.કો નિરંજન કાન્તિભાઈને વડનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા અને પો.સ.ઈશ્રીને જમણા ડોઘા ઉપર ધોકો મારેલો અને લોહી નીકળતું હોય જેથી વડનગર સીવીલ હોસ્પિટલમાં લઈ જઈ સારવાર આપેલી. આ ટોળામાં રાજુજી ના હાથમાં ધોકો હતો તે પો.સ.ઈ રાજગોર સાહેબને મારેલો. બીજા રમેશજી પ્રહલાદજી તેમના હાથમાં લાકડી હતી તેમણે નીરંજન કુમારને મારેલ.આ સિવાય બીજા આરોપીઓએ હાથિયારો ધારીયા, લાકડીઓ વડે હુમલો કરેલ, જેમના નામ હાલમાં યાદ નથી. આ કામની ફરીયાદ એસ.પી.રાજગોર સાહેબે આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો. આરોપીઓના હાથમાં જે હથિયાર હતા તે તેઓ ઓળખે છે.

**(૧૮.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી રાજેશજી બકાજીને બનાવ પહેલા કયારેય મળેલ નથી કે જોયેલ નથી. પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીઓના નામ રાજગોર સાહેબના જણાવવાથી લખાવેલા. તેઓ એ હકીકત પણ સ્વીકારે છે કે, કોર્ટમાં હાજર

આરોપીઓ પૈકી તેઓ રાજેશજી બકાજીને ઓળખી શકે નહી. વળી, એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં રાજેશજી બકાજીએ રાજગોર સાહેબને ધોકો મારેલો તથા રમેશજીએ નિરંજનભાઈને લાકડી મારેલી તેવુ લખાવેલ નથી.

(૧૯).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૩થી એ.એસ.આઇ., દલવીરસીંહ હરીસીંહ ચૌહાણ(પી.ડબલ્યુ નંબર–૧૧)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ વડનગર પો.સ્ટેશનમાં સીપોર ઓ.પીમાં ફરજ બજાવતો હતો તે સમયે પો.સ્ટે હાજર હતા તે સમયે પી.એસ.ઓ શ્રીનો ટેલિફોન આવક નંબર–૧૭૨/૧૭ કલાક ૦૯/૪૫ વાગે વર્ધી તેમની તરફ કરેલી. જેમાં સુલતાનપુર ગામની સીમના રોડ ઉપર વાઘ આવ્યો હોવાની વર્ધી હતી. તેના આધારે અમો તથા નીરવકુમાર સેકન્ડ મોબાઈલ વાન તથા વન મોબાઈલ વાન રાજગોર સાહેબ, એ.એસ.આઈ મઘાભાઈ, પ્રવિણભાઈ પો.કો., પો.કો. ભગવાનભાઈ એ રીતેના માણસો સુલતાનપુર ગામની સીમમાં ખેતરમાં વાઘ આવેલાની વર્ધી હતી. ત્યાં ઘણા માણસો ભેગા થયેલા હતા તેઓને સમજાવીને દુર કરેલ. ત્યારબાદ જંગલખાતાના માણસો પાંજરા સાથે આવેલા.અને અમો અલગ અલગ જગ્યાએ ઉભા રહેલા. તે જ દિવસે ગાંધીનગરથી ટીમ આવેલ ન હોય અને ઘણું મોડું થઈ ગયેલ હોઈ જેથી ગામવાળાઓએ કહેલ કે તમે વાઘ કેમ પકડતા નથી.જેથી ગામના અમુક માણસો જેમાં ઠાકોર રાજેશજી પ્રહલાદજી, અજીતજી દશરથજી, મહેશજી દશરથજી તથા કાંન્તિજી તથા ઠાકોર રાજુજી તેના પિતાનું નામ યાદ નથી. તેમના હાથમાં ધારીયું, દાતરડું, તથા પથ્થરો હતા તેમજ લાકડીઓ હતી. તથા પચાસેક માણસો બીજા તેઓએ એકદમ પોલીસ ઉપર તથા જંગલખાતાના માણસો ઉપર ઉશ્કેરાઈ જઈ આજે પતાવી દેવા છે તેમ કહી ચીચયારીઓ કરી છુટા પથ્થરો તથા લાકડીઓ મારેલ.

(૧૯.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, જેમાં રાજગોર સાહેબને માથાના ભાગે પથ્થર વાગેલ તથા લોહી નીકળેલ તથા પો.કો.

ભગાભાઈને માથાના ભાગે વાગેલ.તથા એચ.સી નીરવકુમારને જમણા કાંડા ઉપર વાગેલું. ત્યાર બાદ તેઓને સારવાર સારૂ વડનગર સીવીલમાં મોકલી આપેલ તથા બીજી પોલીસ આવી જતાં ટોળાંને વેરવીખેર કરી તે અંગેની ફરીયાદ રાજગોર સાહેબે આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલ.

**(૧૯.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સ્થળે આખુ ગામ ભેગુ થયેલ હતુ અને લોકો ડરી ગયેલા હતા. એકઠા થયેલા ટોળાના માણસો પૈકી કોઈને પણ સાહેદ પોતે નામજોગ ઓળખતા ન હતા. તેમણે આરોપીઓના જે નામ જણાવેલા છે તે ફરીયાદના આધારે લખાવેલા છે. કયાં આરોપી પાસે શું હથીયાર હતુ અને કોણે શું મારેલુ તે તેમણે પોલીસ રૂબરૂ લખાવેલ નથી. ઈજા પામનારાઓને ટોળામાંથી થયેલ પથ્થર મારાના કારણે ઈજા થયેલી.

**(૨૦)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૪થી પો. કો., પ્રવિણભાઇ ગોવિંદભાઇ ચૌધરી(પી.ડબલ્યુ નંબર–૧૨)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ તેઓ વડનગર પો.સ્ટેશનમાં હાજર હતા તે સમયે સુલતાનપુર ગામની સીમમાં વાઘ આવેલ તેવી વર્ઘી ઠાકોર જયંતી દિવાનજી રહે.સુલતાનપુરવાળાઓએ પો.સ્ટેશનમાં ફોન કરી જાણ કરતાં જે પી.એસ.ઓએ ટેલિફોન આવક નંબર–૧૭૨/૧૭ સમય ૯:૪૫ વાગે નોંધ કરી.સીપોર ઓ.પી.ના જમાદાર દલવીરસિંહ હરીસિંહનાઓને આપેલ. જેથી દલવીરસીંહ તથા તેમની સાથે અ.હે.કો. નિરંજનકુમાર કાન્તિલાલ વડનગર પો.સ્ટેશ સે.મોબાઈલમાં તથા અમો તેમજ પી.એસ.આઈ શ્રી એસ.બી રાજગોર તથા એ.એસ.આઈ મઘાભાઈ જેસંગભાઈ તથા પો.કો.ભગુભાઈ કેશાભાઈ એ રીતેના પો.સ્ટેશનની વન મોબાઈલ વાનમાં સુલતાનપુર ગામની સીમમાં ગયેલા.

**(૨૦.૧)..** વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, સુલતાનપુર ગામે જવાનપુર ગામની સીમમાં જતાં ખેતરમાં સુલતાનપુર ગામના ઘણા

માણસો ભેગા થયેલા હતા. ત્યાં ફોરેસ્ટ ખાતાના માણાસો પણ હાજર હતા અને તેઓ વાઘ પુરવાનું પાંજરું લાવેલ હતા અને તેઓ ગાંધીનગરથી વનવિભાગની બીજી ટીમ આવવાની હોઈ તેની રાહ જોતાં હતાં અમો અલગ–અલગ જગ્યાએ ઉભેલ હતા.અને માણસોને દુર ખસેડતા હતા.રાજગોર સાહેબ તથા ભગુભાઈ સાહેબ હતા અને ટોળાંમાંથી માણસો આવતાં તેઓને દુર કરેલા અને આ ટોળામાં જેમાં ટોળાંમાં રાજુજી, તથા મહેશજી તથા અજીતજી, કાંન્તિજી, પ્રવિણજી તથા બકાજી ઠાકોર એ રીતેના હતા અને તેઓના હાથમાં ધારીયા તથા ધોકા, દાતરડું અને પથ્થરો હતા અને તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને કહેવા લાગેલા કે હજુ સુધી વાઘને કેમ પકડતા નથી એ રીતે બોલાચાલી કરી હુમલો કરેલો. આ હુમલામાં રાજગોર સાહેબને માથામાં ધોકો મારેલો તેમજ ભગુભાઈ કેશાભાઈ પો.કો.ને માથામાં તથા જમણા હાથની કલાઈ ઉપર વાગેલું અને તેઓને છોડવવા સારૂ પો.કો નિરંજનભાઈ વચ્ચે પડેલા અને તેઓને પણ માથામાં અને જમણા હાથના કાંડાંમા વાગેલું જેથી ત્યાં આગળ અવાજ થતાં ત્યાં જઈ તેઓને છોડાવેલા અને ગામના લોકો પણ ત્યાં આવી ગયેલા અને રાજગોર સાહેબ તથા ભગુભાઈને વડનગર સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા અને બનાવ અંગેની ફરીયાદ એસ.બી રાજગોર સાહેબે આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલ.

**(૨૦.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં જણાવેલ આરોપીઓના નામ ફરિયાદીએ ક્યાંથી અને કોની પાસેથી મેળવેલ તેની તેમને ખબર નથી. ફરિયાદમાં જે આરોપીઓના નામ હતા તેમજ ફરિયાદમાં આરોપીઓના નામ દર્શાવેલ હતા તે જ નામ તેમણે પોતાના નિવેદનમાં જણાવેલ છે.

**(૨૧)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૫૫થી વનરક્ષક, પીયુકાન્ત ગજેન્દ્રભાઈ પટેલ(પી.ડબલ્યુ નંબર–૧૩)ને** તપાસેલા છે તેમની

જુબાની જોતાં તેઓ કાંસા ગામે તેમના પરીવાર સાથે રહે છે અને હાલમાં ઉંઝા મુકામે બ્રાહમણવાડા બીટ ખાતે વન વિભાગમાં વનરક્ષક તરીકે ફરજ બજાવે છે, બનાવના ચારેક માસ અગાઉથી વન વિભાગમાં વનરક્ષક તરીકે હડોલ બીટ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ બીટમાં હતા દરમિયાન તેમના આર.એફ.ઓ ખેરાલુ શ્રી એસ.આર.પ્રજાપતીનાઓએ ફોનથી વર્ધી આપેલ કે સુલતાનપુર ગામની સીમમાં દિપડો દેખાતાં ત્યાં પકડવા સારૂ જવાનુ છે. જેથી વર્ધીના આધારે ખાનગી વાહનમાં સુલતાનપુર ગામની સીમમાં આવેલા અને ત્યાં આર.એફ.ઓ શ્રી એસ.આર.પ્રજાપતી તથા વનરક્ષક ખેરાલુ યુવરાજસિંહ તથા વનપાલ સુદાસણા જયેશભાઈ ચૌધરી તથા વડનગરના આર.એફ.ઓ શ્રી વી.બી.વાઘેલા તથા તેમના સ્ટાફ સાથે ત્યાં હાજર હતા અને વડનગર પોલીસ પણ ત્યાં હાજર હતી સુલતાનપુર ગામના લોકોના ટોળા પણ ભેગા થયેલ હતા. તેઓ દિપડો પકડવા સારૂ પાંજરું પણ લાવેલ હતા. તેઓ તેમનું દિપડો પકડવાનું કામ કરતા હતા અને તેમની બીજી ટીમ ગાંધીનગરથી આવવાની હોય જેની રાહ જોતા હતા.

(૨૧.૧).. વધુમાં આ સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, લોકોના હાથમાં ધોકા તથા ધારીયું તથા દાતરડું અને પથ્થર હતા તે વખતે એકદમ ઉશ્કેરાઈ જઈ એવું કહેવા લાગેલ કે હજી સુધી દિપડો કેમ પકડયો નથી તેમ કહી આ લોકો પચાસેક માણસોએ પોલીસ ઉપર હથિયારોથી હુમલો કરેલો. જેમાં વડનગર પો.સ્ટેશનના પો.સ.ઈ રાજગોર તથા બીજા પોલીસના માણસોને ધારીયા, ધોકો,દાતરડું તથા પથ્થરો મારવા લાગેલા તેઓ તથા અમારા સ્ટાફના માણસો તેઓને છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ આ ટોળાંએ માર મારેલ. જેમાં તેમને ડાબા હાથે ધોકો વાગેલ તથા બરડાના ભાગે પથ્થર વાગેલ. જેથી બુમાબુમ કરતાં પોલીસના માણસો પચાસેક મીટર દુર હતા તેઓ આવી જતાં આ ટોળું હથિયારો સાથે નાસી ગયેલ. તેમને તથા પોલીસના માણસોને વાગેલ હોઈ તેઓને તાત્કાલીક વડનગર સીવીલમાં સારવાર સારૂ લઈ ગયેલ અને તેમને સારવાર આપેલી અને ત્યારબાદ રજા આપેલી. બનાવની ફરીયાદ પો.સ.ઈ રાજગોરે આપેલી પોલીસે તેમનો જવાબ લીધેલ.

**(૨૧.૨)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે ટોળાના માણસો પૈકી કોઈને તેઓ ઓળખતા ન હતા. પોલીસ કર્મચારીઓને કઈ રીતે વાગેલુ તેની મને માહીતી નથી. ફરીયાદ કોણે આપેલી તેની મને ખબર નથી. લાંબા સમયથી દીપડો પકડાતો ન હોય લોકોનું ટોળુ ગુસ્સે થયેલુ અને પથ્થરમારો કરતા પોલીસ પાર્ટીના માણસોને ઈજાઓ થયેલી.

**(૨૨)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૬૦થી એ.એસ.આઇ., ગોવિંદભાઇ ગણેશભાઇ પરમાર(પી.ડબલ્યુ નંબર–૧૪)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ વડનગર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પો.સ.ઇ., એસ.વી.ચૌધરીનાઓની રૂબરૂ ફરિયાદીએ ફરિયાદ હકીકત તેમના લખાવ્યા મુજબ તેમણે લખી લઇ સદર ફરિયાદ સાથે તેમને સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરવા સાથે રીપોર્ટ આપતાં તેણે સ્ટેશન ડાયરીમાં કલાક ૧૬–૧૫ વાગે એન્ટ્રી નંબર–૦૮/૨૦૧૭ થી વડનગર પોલીસ સ્ટેશન ગુ. ર. નંબર–૧૧૨/૨૦૧૭ થી ઇ.પી.કો. કલમ–૧૪૭,૧૪૮, ૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ નોધ કરી આગળની તપાસ પોસઇ એસ. વી. ચૌધરીને આંક–૬૧ ના ડેપ્યુટ હુકમ આધારે સોપેલી. ત્યારબાદ તેમણે લાગતા વળગતા મેસેજ કરેલા, આ કામે આંક–૬૨ થી વર્ધી રજુ કરેલ છે. આંક–૬૩ થી વાયરલેસ મેસેજથી લખાવેલ વર્ધી તથા આંક–૬૪ થી ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ રજુ કરેલ છે.

**(૨૨.૧)..** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી ઠાકોર દ્વારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૪૪ વાળી ફરિયાદ પી.એસ.આઇ.શ્રી એસ.વી. ચૌધરીનાઓ રૂબરૂની હતી, ફરિયાદમાં ફરિયાદીની સહી ન હતી.

**(૨૩)..** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૭૫થી**

**પી.એસ.આઇ., સંજયકુમાર જગદીશગીરી ગોસ્વામી(પી.ડબલ્યુ નંબર–૧૫)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં સદર કામની તપાસ પી.એસ.આઇ. એસ.વી.ચૌધરી કરતા હતા અને તેમની બદલી થતાં સને ૨૦૧૮ માં તેઓ વડનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા હોઇ સદર કામની તપાસ તેમને મળતાં તેમણે સંભાળેલી. આરોપી આગોતરા જામીન લઇ હાજર થતાં તેઓને અટક કરેલ અને જામીન લીધેલા, ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ કરેલ. આ કામે  આંક–૭૬થી આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં કરેલ નોધ તથા આંક–૭૭થી કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પરીક્ષણ વન સૌરક્ષણ અધીકારીએ કરેલ રીપોર્ટ રજુ કરેલ છે.

(૨૪).. ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૮૨થી પી.આઇ., સુનીલભાઇ વિરસંગભાઇ ચૌધરી(પી.ડબલ્યુ નંબર–૧૬)ને** તપાસેલા છે તેમની જુબાની જોતાં તેઓ તા.૧૫–૧૨–૨૦૧૭ ના રોજ વડનગર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા ત્યારે પોલીસ સબ ઇન્સપેક્ટર એસ.બી.રાજગોરનાઓએ તેમની ફરિયાદ હકીકત લખાવેલ. જે ફરિયાદ હકીકત તેમણે લખી લઇ રૂબરૂ તરીકે તેમણે સહી કરેલી, ફરિયાદ લીધા બાદ ગુનો નોધવા સારૂ પી.એસ.ઓ.ને રીપોર્ટ કરેલ, ત્યારબાદ તેમણે ડેપ્યુટ હુકમ આધારે તપાસ સંભાળેલી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ, ફરિયાદીના કપડા કબજે લીધેલ, ત્યારબાદ ઇજા પામનારના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ. તે દરમ્યાન તેમની લાડોલ પોલીસ સ્ટેશનમાં બદલી થતાં સદર કેસના કાગળો પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલા. તેમણે ઇજા પામનારના કપડા ઓળખી બતાવેલ છે.

(૨૪.૧).. બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી ઠાકોર દ્ધારા આ સાહેદની વિગતવાર ઉલટતપાસ હાથ ધરવામાં આવેલ છે. ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઇજા પામનાર ફરિયાદી સારવાર કરાવીને આવેલ હતા. એ વાક થરી છે કે, ફરિયાદ અગાઉથી આરોપીઓને ઓળખતા હતા તેવી હકીકત તેમની

ફરિયાદમાં નથી. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદી પાસે આરોપીઓના નામ કેવી રીતે આવ્યા તેની તપાસ તેમણે કરેલ નથી. તેઓ સ્થળ ઉપર ગયા ત્યારે પણ આશરે ૨૦૦ એક માણસોનું ટોળું સ્થળ ઉપર હતું. સુલાનપુરમાં મોટા ભાગના ખેડુતો પરીવાર અને ઢોર ઢાંખર સાથે ઝુંપડા બનાવીને ખેતરમાં રહે છે. વાઘ સીમમા આવેલ હોવાના કારણે આ લોકો ખુબ ભયભીત હતા. તેઓ સ્થળ ઉપર પહોચ્યા ત્યારે ખેતરમાં હાજર લોકોએ વાઘને ઝડપથી પકડવા માટે રજુઆત કરેલી. ઉલટમાં આ સાહેદે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમને જે લોકોએ રજુઆત કરેલી જેમાં હાલના આરોપીઓ રજુઆતમાં હાજર ન હતા.

**(૨૫)..** આમ, ફરીયાદપક્ષે તપાસેલા ઉપરોકત તમામ પોલીસ અધિકારીઓની જુબાની જોઈએ તો, બનાવ તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ બનેલો તે હકીકતને તમામ પોલીસ અધિકારી પુરતુ સમર્થન કરે છે. આ બનાવમાં ફરીયાદી સંજયકુમાર બચુભાઈ રાજગોર તથા અન્ય પોલીસ અધિકારીઓ ઘવાયેલા અને ડોકટરશ્રી રવિ મકવાણા ધ્વારા જણાવ્યા મુજબની સાહેદોને ઈજાઓ થયેલી તે હકીકત પણ દરેક સાહેદની જુબાનીમાં સાતત્યપુર્ણ રીતે સાબિત થાય છે અને આ હકીકતોનું ઉલટ તપાસમાં કોઈ જગ્યાએ ખંડન થતુ નથી. એ હકીકત ઉલ્લેખનીય છે કે તમામ સાહેદોને થયેલી ઈજાઓ સાદા પ્રકારની હળવી ઈજાઓ હતી એટલે કે કોઈ ઈજાઓ ગંભીર અને જીવલેણ પ્રકારની ન હતી. એ હકીકત પણ સ્પષ્ટપણે સાબિત થાય છે કે તમામ સાહેદોએ વડનગર સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર લીધેલી છે અને તેનુ ઉલટ તપાસમાં કોઈપણ રીતે ખંડન કરવામાં આવતુ નથી. બચાવપક્ષે આરોપીઓની ઓળખ અંગે સૌથી મહત્વની તકરાર લીધેલી છે. તે સંદર્ભે સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરીએ તો, સાહેદ સંજયકુમાર બચુભાઈ રાજગોર, **(પી.ડબલ્યુ નંબર–૦૭)**નાએ પોતાની જુબાનીમાં આરોપી કાંતીજીને કોર્ટ ઓળખી બતાવે છે. જયારે અન્ય આરોપીઓને જોએથી ઓળખી બતાવે છે. વળી ઉલટ તપાસમાં તેઓ સ્પષ્ટપણે સ્વીકારે છે કે, બનાવ અગાઉ તેઓ આરોપીઓને ઓળખતા ન હતા. આરોપીઓના નામ તેમણે સુલતાનપુર બીટના જમાદાર પાસેથી જાણીને લખાવેલા

છે. બનાવ સમયે, બનાવ સ્થળે બસ્સો થી ત્રણસો લોકોનુ ટોળુ ભેગુ થયેલ હતુ જેમાંથી તેઓ કોઈ વ્યકિતને ઓળખતા ન હતા. આમ, સાહેદ બનાવ પહેલા કે બનાવ સમયે કોઈ આરોપીને ઓળખતા ન હતા તેવા સંજોગોમાં તેમણે કોર્ટ રૂબરૂ આરોપીઓની ઓળખ કયા આધારે કરી છે તે સ્પષ્ટ થતુ નથી. વળી, તેઓ સુલતાનપુર બીટના જમાદાર પાસેથી આરોપીઓના નામ જાણ્યાનું જણાવે છે, પરંતુ સુલતાનપુર બીટના કોઈ જમાદાર આરોપીઓ પૈકી કોઈને પણ નામજોગ ઓળખતા હોય અને તેમણે સાહેદ સંજયકુમાર રાજગોરને નામ જણાવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, સાહેદે આરોપીઓ પૈકી જે આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમની ઓળખ પણ વ્યાજબી શંકારહિત સાબિત થતી જણાતી નથી. વધુમાં સાહેદ ભગુભાઈ કેશાભાઈ ચૌધરી, **(પી.ડબલ્યુ નંબર–૦૮)** ની ઉલટ તપાસમાં પણ એવુ રેકર્ડ પર આવેલ છે કે, બનાવ પહેલા તેઓ આરોપીને ઓળખતા ન હતા માટે તેમણે ડોકટર સમક્ષના નિવેદનમાં કોઈ આરોપીઓના નામ જણાવેલા નહી અને ફરીયાદમાં જે આરોપીઓના નામ જણાવેલા હતા તે આધારે તેમણે આરોપીઓના નામ જણાવેલા છે. આમ, સાહેદ ભગુભાઈ ચૌધરી પણ આરોપીઓને અગાઉ ઓળખતા ન હતા તેમ છતાં તેમણે કયાં આધારે આરોપીઓની ઓળખ કરેલ છે તે તેમની જુબાનીથી સ્પષ્ટ થતુ નથી. વધુમાં સાહેદ નિરંજનકુમાર કાંતીભાઈ પરમાર, **(પી.ડબલ્યુ નંબર–૦૯)** ની સરતપાસમાં સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે કે તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી શકે નહી, વળી બનાવ અગાઉ પણ તેઓ આરોપીઓને ઓળખતા ન હતા કે તેમણે કોઈ આરોપીના નામ તપાસ કરનાર અમલદારને જણાવેલા નથી. આમ, તેમની જુબાનીમાં આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થતી નથી. તેવી જ રીતે સાહેદ મઘાભાઈ જેસંગભાઈ પરમાર, **(પી.ડબલ્યુ નંબર–૧૦)** પણ કોર્ટ રૂબરૂ આરોપીઓને ઓળખી શકતા નથી અને ઉલટ તપાસમાં પણ તેઓ બનાવ અગાઉ આરોપીઓને ઓળખતા ન હતા તેવુ સ્પષ્ટ જણાવે છે તેમજ આરોપી રાજેશજી બકાજીએ રાજગોર સાહેબને ધોકો મારેલ તેવુ તથા રમેશજીએ નિરંજનભાઈને લાકડી મારેલ તેવુ પોલીસ રૂબરૂ લખાવેલ નથી તેવુ સ્પષ્ટપણે સ્વીકારે છે. આમ,

આરોપીઓની ઓળખ સાહેદ મઘાભાઈ પરમારની જુબાનીમાં પણ પ્રસ્થાપિત થતી નથી. સાહેદ દલવીરસિંહ ચૌહાણ, **(પી.ડબલ્યુ નંબર–૧૧)** પણ પોતાની જુબાનીમાં આરોપીઓને ઓળખી શકતા નથી. સાહેદ પ્રવિણભાઈ ગોવિંદભાઈ ચૌધર, **(પી.ડબલ્યુ નંબર–૧૨)** અને સાહેદ પિયુકાન્ત ગજેન્દ્રભાઈ પટેલ, **(પી.ડબલ્યુ નંબર–૧૩)** તેમજ એ.એસ.આઇ. ગોવિંદભાઇ પરમાર, **(પી.ડબલ્યુ નંબર–૧૪)** તથા પી.એસ.આઇ. સંજયકુમાર જગદીશગીરી ગોસ્વામી **(પી.ડબલ્યુ નંબર–૧૫)** તથા પી.આઇ. સુનીલભાઇ ચૌધરી, **(પી.ડબલ્યુ નંબર–૧૬)**નાઓ પોતપોતાની જુબાનીમાં આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરી શકતા નથી. આમ, ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાનીથી બનાવ સમયે હાલના આરોપીઓ બનાવમાં સામેલ હતા તે ઓળખ પ્રસ્થાપિત થતી નથી.

(૨૬).. વધુમાં એ હકીકત બિનતકરારી છે કે, આ કીસ્સામાં તપાસ એજન્સી ધ્વારા તપાસ વખતે ઓળખ પરેડ કરાવેલ નથી. આમ, કોઈપણ આરોપીની ટ્રાયલ અગાઉ ઓળખ પરેડ થયેલ ન હોવા છતાં તેમજ ફરીયાદ પક્ષે તપાસેલા કોઈપણ સાક્ષી બનાવ અગાઉ આરોપીઓને ઓળખતા ન હોવા છતાં આરોપીઓના નામ ફરીયાદમાં કોણે જણાવ્યા તે હકીકત વ્યાજબી કહી શકાય તેવી શંકાના દાયરામાં આવે છે. આમ, આરોપીઓની ઓળખ અદાલત રૂબરૂ પ્રસ્થાપિત કરવાનો જે પ્રયાસ થયેલ છે તે દેખીતી રીતે ખોટો પ્રયાસ થયેલ હોય તેવુ ફલિત થાય છે. આમ, આ કેસમાં હાલના આરોપીઓ ગુનામાં સંડોવાયેલા હતા તેવુ વ્યાજબી શંકારહીત સાબિત થતુ નથી.

(૨૭).. આ તબકકે **નામદાર સુપ્રીમ કોર્ટે અમરીકસીંઘ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૨૦૨૨, લાઈવ લો(સુપ્રીમ કોર્ટ) પેજ–૫૮૨, ક્રિમીનલ અપીલ નંબર–૯૯૨/૨૦૧૨ ના કેસમાં આપેલ તારીખ–૧૧/૦૭/૨૦૨૨** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાનમાં લેતા તથા **નામદાર સુપ્રીમ કોર્ટે રમેશ વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા, ક્રિમીનલ અપીલ નંબર–૬૨૯/૨૦૦૫ના કામે તારીખ–૨૭/૦૭/૨૦૦૯**ના રોજ આપેલ ચુકાદામાં પેરા નંબર–૧૮, ૧૯માં

કરેલી ચર્ચા ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

18. Mr. Chaudhary would submit that in all cases, it is not necessary to hold test identification parade. That may be so. In a case of this nature, the test identification parade would have been meaningless as appellant were shown to PW3 in the police station. Appellant was shown to PW3 at the police station. He was identified in court also. Reliance has been placed by Mr. Chaudhary on Malkhansingh & Ors. V. State of M.P. [(2003) 5 SCC 746], wherein this Court opined :

> "The evidence of mere identification of the accused person at the trial for the first time is from its very nature inherently of a weak character. The purpose of a prior test identification, therefore, is to test and strengthen the trustworthiness of that evidence. It is accordingly considered a safe rule of prudence to generally look for corroboration of the sworn testimony of witnesses in court as to the identity of the accused who are strangers to them, in the form of earlier identification proceedings.
>
> This rule of prudence, however, is subject to exceptions, when, for example, the court is impressed by a particular witness on whose testimony it can safely rely, without such or other corroboration. The identification parades belong to the stage of investigation, and there is no provision in the Code of Criminal Procedure, which obliges the investigating agency to hold, or confers a right upon the accused to claim, a test identification parade. They do not

constitute substantive evidence and these parades are essentially governed by Section 162 of the Code of Criminal Procedure. Failure to hold a test identification parade would not make inadmissible the evidence of identification in court. The weight to be attached to such identification should be a matter for the courts of fact. In appropriate cases it may accept the evidence of identification even without insisting on corroboration."

It was furthermore held :
"It is no doubt true that much evidentiary value cannot be attached to the identification of the accused in court where identifying witness is a total stranger who had just a fleeting glimpse of the person identified or who had no particular reason to remember the person concerned, if the identification is made for the first time in court."

19. Judged by the aforementioned legal principles laid down therein, in our opinion, the identification of appellant PW3 in court cannot be held to be trustworthy.Reliance has also been placed by Mr. Chaudhary on a judgment of this Court in Asharfi & Ors. V. The State [AIR 1961 All. 153], wherein it was held that identification by only one person may not be relied upon stating :
"Hence, only one identification cannot eliminate the possibility of the pointing out being purely through chance and for this reason is insufficient to establish the charge."

In Heera & Anr. V. State of Rajasthan [(2007) 10 SCC 175], a test identification had been held in presence of a Civil Judge and a Judicial Magistrate. The said decision, therefore, is not applicable. In Ravindra Laxman Mahadik v. State of Maharashtra [(1997 Criminal Law Journal 3833) in a case involving Section 395 of the Code of Criminal Procedure, it was opined:

"I find merit in Mr. Mooman's submission that it would not be safe to accept the identification evidence of Manda Sahani. Manda Sahani in her examination–in–chief stated that on the place of the incident, there was no light. In her cross– examination (para 6) she stated that it was dark at the place of the incident but, slight light was emanating from the building situate on the shore. The distance between the building and the place where Manda Sahani and her husband were looted has not been unfolded in the evidence. The learned trial Judge has observed that the evidence of Vinod Sahani is that the incident took place at a distance of about 100 ft. from the Gandhi statute, where the meeting was held. What he wanted to convey was that hence there must have been light at the place of incident in my view, on the face of the definite statement of Manda that it was dark as there was only slight light, and bearing in mind that the incident took place at 9.30 p.m. in the month of February, 1992, it would not be safe to conclude that there was sufficient light on the place of the incident enabling Manda Sahani to identify the appellant."

The decision of the Allahabad High Court in Asharfi lal

(supra) was followed therein. In Kanan & Ors. V. State of Kerala [AIR 1979 SC 1127], this Court held :

"It is well settled that where a witness Identifies an accused who is not known to him in the Court for the first time, his evidence Is absolutely valueless unless there has been a previous T. I. parade to test his powers of observations. The Idea of holding T. I. parade under Section 9 of the Evidence Act is to test the veracity of the witness on the question of his capability to identify an unknown person whom the witness may have seen only once. If no T. I. parade is held then it will be wholly unsafe to rely on his bare testimony regarding the identification of an accused for the first time in Court."

20. As identification of PW3 is highly doubtful, in our opinion, having regard to the nature of other evidences brought on record by the State, i.e., purported recovery of a tarpauline by itself cannot be said to be sufficient to convict the appellant for a charge of such grave offence.

**(૨૭.૧)..** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ આરોપીઓની તપાસ વખતે ટેસ્ટ આઈડેન્ટીફીકેશન પરેડ એટલે કે ઓળખ પરેડ કરાવવામાં આવેલી ન હોય અને સાહેદો અદાલત રૂબરૂ પ્રથમ વખત આરોપીઓને ઓળખી બતાવતા હોય, પરંતુ તેઓ કયાં આધારે આરોપીઓને ઓળખે છે તે સ્પષ્ટ થતુ ન હોય તેવા સંજોગોમાં માત્ર અદાલત રૂબરૂ કરેલી ઓળખ પરેડ પર આધાર રાખી આરોપીને દોષીત ઠરાવવા સલાહભર્યુ ગણાય નહી તે મતલબનુ પ્રસ્થાપિત કરેલ છે. વર્તમાન કીસ્સામાં આરોપીઓ પૈકી કોઈને પણ સાહેદો બનાવ સમયે ઓળખતા ન હતા અને ડોકટર સમક્ષની બનાવની હીસ્ટ્રીમાં પણ આરોપીઓના કોઈના નામ જણાવેલા નથી. વળી,

તેઓએ આરોપીઓના નામ, સરનામા કોઈની પાસેથી જાણેલા તે હકીકત પણ સ્પષ્ટ થતી નથી. આરોપીઓનો બાંધો કે વર્ણન સાહેદોએ પોતાની ફરીયાદ કે નિવેદનમાં વર્ણવેલ નથી. વળી, બનાવના ત્રણ ચાર વર્ષ પછી તેઓ પ્રથમ વખત કોર્ટમાં કયા ઓળખ ચિહનો આધારે આરોપીઓને ઓળખી બતાવે છે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય આ કીસ્સામાં આરોપીઓની ઓળખ વ્યાજબી શંકારહિત જણાતી ન હોય તેનો લાભ આરોપીઓને આપવો યોગ્ય જણાય છે.

(૨૮).. આમ, ઉપરોકત ચર્ચા અને સંજોગો જોતા તા.૧૫–૧૨–૨૦૧૭ના રોજ સુલતાનપુર ગામની સીમમાં બનાવ બનેલો અને તે બનાવમાં સાહેદોને ઈજા પહોચેલી તેવુ સાબિત થાય છે, પરંતુ આ ઈજાઓ બનાવ સમયે ટોળામાં હાલના આરોપીઓ હાજર હોય અને તેમણે પહોચાડી હોય તેવુ વ્યાજબી શંકારહિત સાબિત થતુ નથી. આ સંજોગોમાં હાલના આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર જણાય છે. આમ આ કેસમાં આરોપીઓને દોષીત ઠરાવી શકાય તેવો વ્યાજબી શંકારહિત પુરાવો રેકર્ડ પર લાવવામાં અને આરોપીઓ વિરૂધ્ધનું તહોમતનામું સાબીત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ રહેલ હોય **મુદ્દા નંબર–૦૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદ્દા નંબર–૦૨** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧) પ્રસ્તુત કામના આરોપી નંબર–૦૧, **ઠાકોર રાજેશજી પ્રહલાદજી,** ઉ.વ.આ.– ૧૮ વર્ષ, ૦૮ માસ, રહે.– સુલતાનપુરા, હઠાપુરા, તા.– વડનગર, જી.– મહેસાણા તથા આરોપી નંબર–૦૨, **ઠાકોર કાન્તીજી સોમાજી,** ઉ.વ.આ.– પર, રહે.– સુલતાનપુરા, હઠાપુરા, તા.– વડનગર, જી.– મહેસાણા તથા આરોપી નંબર–૦૩, **ઠાકોર મહેશજી દશરથજી,** ઉ.વ.આ.– ૨૫, રહે.– સુલતાનપુરા, મોટોવાસ, તા.– વડનગર, જી.–મહેસાણા તથા આરોપી નંબર–૦૪, **ઠાકોર અજીતજી દશરથજી,** ઉ.વ.આ.–૨૩, રહે.– સુલતાનપુરા, મોટોવાસ, તા.– વડનગર, જી.– મહેસાણા તથા આરોપી નંબર–૦૫, **ઠાકોર**

**પ્રવિણજી વેલાજી,** ઉ.વ.આ.–૩૫, રહે.–સુલતાનપુરા, હઠાપુરા, તા.– વડનગર, જી.– મહેસાણા તથા આરોપી નંબર–૦૬, **ઠાકોર બકાજી ભીખુજી,** ઉ.વ.આ.–૪૨, રહે.– સુલતાનપુરા, હઠાપુરા, તા.– વડનગર, જી.– મહેસાણા તથા આરોપી નંબર–૦૭, **ઠાકોર બકાજી ભીખાજી,** ઉ.વ.આ.– ૩૫, રહે.– સુલતાનપુરા, હઠાપુરા, તા.– વડનગર, જી.–મહેસાણાવાળાઓને, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) મુજબ, **વડનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૨/૨૦૧૭થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૭, ૧૪૮,૧૪૯, ૧૮૬, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૭, ૧૨૦–બી તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના ગુન્હાના સબબ શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય પૂરો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આજરોજ મજકૂર ઠરાવ સામે નામદાર ગુજરાત હોઈકોર્ટમાં અપીલ થવાના પ્રસંગે પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર)ના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:૨૦મી, માહે એપ્રીલ, ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૨૦/૦૪/૨૦૨૪.

સ્થળ – વિસનગર.

**(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)**

Code No.GJ–00588

એડીશનલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ,

મહેસાણા, મુ.વિસનગર.

પી.એસ.મહેશ જી. રાવલ.